# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૦૪ તા.૧૬-૧૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત આગામી સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ને ધ્યાનમાં લઈ મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે ભારત સરકારશ્રી દ્વારા ખુલ્લામાં શૌચક્રિયા, મુકત, ઝીરો વેસ્ટ,ડસ્ટ ફ્રી, સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા '' સ્વચ્છ ભારત અભિયાન'' કાર્યક્રમનો તા. ૨-૧૦-૧૪ થી શુભારંભ કરવામાં આવેલ.આ સ્વચ્છ ભારત મિશનના ધ્યેયને સિદ્ધ કરવા માટે સરકારશ્રી દ્વારા જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમોના આયોજન અને અમલીકરણ વડે લોકભાગીદારીથી પરિણામલક્ષી કાર્યક્રમો પાર પાડવા માટે તમામ મહાનગર પાલિકાઓ તથા નગરપાલિકાઓને આવરી લેવામાં આવેલ છે. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા થીમેટીક સ્પે. ડ્રાઈવનું આયોજન, વ્યક્તિગત શૌચાલયો બનાવવા, જનજાગૃતિ કેળવાય તે હેતુસર સફાઈ રેલી, શેરી નાટક, પપેટ શૉ, સીનીયર સીટીઝન સાથે ગૃપ મિટીંગનું આયોજન કરવું, હૉર્ડીંગ્સ તથા બેનર લગાડવા, સ્વચ્છતા ગ્રહીની નિમણૂંક વગેરે પ્રકારની સ્વચ્છતાલક્ષી કામગીરી કરવામાં આવી રહેલ છે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત જાન્યુઆરી-૨૦૧૮ના પ્રથમ સપ્તાહથી દેશના ૪૦૪૧ શહેરમાં સ્વચ્છતા સર્વેક્ષણ શરૂ થનાર છે. આ સર્વેક્ષણ દરમ્યાન કરવાની થતી વિવિધ કામગીરી/કાર્યક્રમોમા શહેરના નાગરિકોનો સહયોગ લેવો ખુબ જ જરૂરી છે. જેથી કોર્પોરેશનના તમામ અધિકારી/કર્મચારીઓ તથા નાગરિકો દ્વારા મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરી ફીડબેક લેવામાં આવશે. આ મોબાઈલ સ્વચ્છતા એપ દ્વારા કોઈપણ સમસ્યા જેવી કે, કચરાની ગાડી ન આવી હોય, મૃત પશુ, કચરો ન વાળ્યો હોય, જન શૌચાલયની સફાઈ, કચરાપેટીની સફાઈ, કચરાનો ઢગલો વિગેરે સમસ્યાઓનો ઝડપી ઉકેલ લાવી શકાશે. સદર મોબાઈલ સ્વચ્છતા એપ વધુને વધુ લોકો ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરે તે ખાસ જરૂરી છે. કારણ કે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮માં મોબાઈલ સ્વચ્છતા એપના ઉપભોકતાને ધ્યાનમાં લઈ માર્કસ આપવામાં આવશે. સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ના રેન્કીંગમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન મોખરાનું સ્થાન મેળવે તે હેતુસર તમામ શૈક્ષણિક તેમજ બીનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વાલીઓને મોબાઈલ સ્વચ્છતા એપ ડાઉનલોડ કરવા તેમજ તેનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

તા.૧૬-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

- સૌ પ્રથમ ગુગલ પ્લે સ્ટોરમાં જઈને swachhta app લખવું. ત્યારબાદ નીચે દર્શાવેલ એપ્લીકેશન ઈન્સ્ટોલ કરવી.




- સ્વચ્છતા એપ્લીકેશન ઈન્સ્ટોલ કર્યા બાદ ભાષા પસંદગી કરવી.



- ભાષા પસંદગી કર્યા બાદ પોતાનો મોબાઈલ નંબરની વિગત ભરતા એસ.એમ.એસ. દ્વારા ઓટીપી જનરેટ થશે. જેનું વેરીફીકેશન થયા બાદ એપ્લીકેશન સ્ટાર્ટ કરી શકાશે.




- ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સ્વચ્છતા એપ્લીકેશનમાં પોતાની પ્રોફાઈલ ડીટેઈલની વિગત ભરીને સ્વચ્છતા એપ્લીકેશનો ઉપયોગ કરી શકાશે.
- સદરહુ સ્વચ્છતા એપલીકેશન દ્વારા કરવામાં આવેલ સ્વચ્છતાલક્ષી ફરીયાદનું નિવારણ થતા લાઈકનું બટન ક્લીક કરીને પોઝીટીવ ફીડબેક આપવા વિનંતી છે. જેથી આગામી સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮માં અમદાવાદ શહેરને મોખરાનું સ્થાન પ્રાપ્ત થઈ શકે.